OE 23 – Pune Samaj Constitution -Satpanthis cannot become members / પુણે સમાજ બંધારણ – સતપંથીઓ મેમ્બર નહિ બની શકે

Pune Samaj Consitution -Satpanthis not allowed

09-Oct-2010

|| જય લક્ષ્મીનારાયણ ||

થોડા દિવસ પહેલાં, પુણે સમાજે પોતાના સમાજનું બંધારણમાં ચોખવટ કરતો સુધાર કર્યો અને તે પ્રમાણે ચોખવટ કરી નાખી કે સતપંથ ધર્મમાં માનનારાઓ આ સમાજના સભ્ય નહિ બની શકે. ઘણી સમાજોના બંધારણમાં એવી ચોખવટ કરવામાં આવી છે કે ફક્ત સનાતન ધર્મ પાળનાર લોકોજ તેના મેમ્બર બની શકશે.

પણ પુણે સમાજે જે એક કદમ આગળ વધીને વધુ ચોખવટ કરી નાખી કે પીરાણા સતપંથને માનનાર અને તેની વિધિઓ કરનાર લોકો, એ સમાજ ના સભ્ય બની શકશે નહીં. તે બંધારણના અમુક મુખ્ય પાના આ ઈમૈલ સાથે જોડેલાં છે.

અને વધુમાં આહી પણ જોઈ/વાંચી શકો છો.... ~~http://issuu.com/patidar/docs/oe_23__pune_samaj_consitution__satpanthis_not_all/1?mode=a_p~~
Update 2017-01-14: https://archive.org/details/OE023

આવું ચોખે ચોકો ખુલાસો કોઈ બંધારણમાં હોય તેવું બંધારણ મારા ધ્યાનમાં પહેલી વખત આવ્યું છે. પુણે સમાજ અને તેના હોદેદારો ને આવા ચોખવટ વાળા બંધારણ પાસ કરાવવા બદ્દલ તેમનો આભાર અને તેમણે અભિનંદન.

Real Patidar
www.realpatidar.com

https://archive.org/details/OE023

શ્રી પાટીદાર સમાજ /*પૂના*/પુણે

પાટીદાર ભવન

૩૬૫/૨૮–૨૯ ,ઘોરપડે પેઠ એકબોટે કોલોની /*પૂના*/પુણે : ૪૧૧ ००૨

શ્રી પાટીદાર સમાજ પૂનાનું બંધારણ (ટ્રસ્ટ રજી. નં. F-1486 - 26-5-80)

(૧) નામઃ– આ સંસ્થાનું નામ " શ્રી પાટીદાર **સનાતન** સમાજ /*પૂના*/ પુણે રહેશે.

(૨) કાર્યાલયઃ– સંસ્થાની રજીસ્ટર્ડ ઓફીસ " પાટીદાર ભવન " પ્લોટ નં. ૩૬૫/૨૮–૨૯,ઘોરપડે પેઠ /*પૂના*/પુણે ૪૧૧००૨ રહેશે.

(૩)વિસ્તારઃ– આ સંસ્થાનું કાર્ય /*પૂના*/પુણે જિલ્લા પુરતું રહેશે.

(૪)હિસાબી વર્ષઃ– સંસ્થાનું હિસાબી વર્ષ /*વિક્રમ સંવત વર્ષ*/ **સરકારી કાયદા પ્રમાણે (૧ એપ્રિલ થી ૩૧ માર્ચ)** રહેશે. /*સંસ્થાનું પહેલું હિસાબી વર્ષ આસો વદ અમાસ સં. ૨०૩૩ ના રોજ પુરૂં થશે.*/

(૫)ઉદ્દેશો અને હેતુઃ– શ્રી પાટીદાર સમાજ /*પૂના*/પુણેનો મુખ્ય હેતુ મહારાષ્ટ્ર રાજયમાં રહેતા ભાઈ બહેનો વચ્ચે અને વિશેષ કરીને બહારગામથી આવી /*પૂના*/પુણેમાં સ્થાયી થએલ પાટીદાર ભાઈઓ વચ્ચે સંગઠન વધે,પરસ્પર સ્નેહવૃદ્ધિ થાય,સામાજિક તથા અન્ય ક્ષેત્રે સમયોચિત સુધારા વધારા કરી એકબીજાને ઉપયોગી થઈ શકાય તેવા દરેક પ્રકારના પ્રયાસો કરવા અને કોઈપણ જ્ઞાતિના જરૂરિયાતવાળા ભાઈ બહેનોને કમિટી ઠરાવે તે પ્રમાણે યોગ્ય તે મદદ કરવી. જેમાં દરેક પ્રકારના કેળવણી વિષયક,ઔષધીય,આર્થિક,ધાર્મિક તથા અન્ય પ્રકારની મદદનો સમાવેશ થાય છે. અને તેને માટે નીચે જણાવેલ અનુષાંગીક કાર્યો કરવા.

(૧) કેળવણીને વિવિધ પ્રકારે ઉત્તેજન આપવું અને તેને માટે સ્કોલરશિપો, ફ્રીશિપો, પુસ્તક, યુનિફોર્મ વગેરે પ્રકારે મદદ કરવી **તથા સારા માર્ક મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવું અને યોગ્ય પારિતોષિક આપવાં** તથા કલાસ,સ્કૂલ,કોલેજ,બિલ્ડિંગ,હોસ્ટેલ વગેરે બાંધવી તથા ચલાવવી. તેને માટે કોઈપણ કાર્ય કરવાં જેથી કેળવણીને ઉત્તેજન મળે.

(૨)દરેક પ્રકારની ઔષધીય,વૈદ્યકિય મદદ કરવી અને તેને માટે યોગ્ય તે આર્થિક મદદ કરવી. દવાખાના ચલાવવા,ચાલુ દવાખાનામાં મદદ કરવી અને અન્ય કાર્યો કરવાં જેથી જનસમુદાયને વૈદ્યકિય મદદ મળે.

(૩) ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી અને સમાજ ઠરાવે તેવા ધાર્મિક ઉત્સવોમાં મદદ કરવી. **સમાજમાં સનાતન વૈદિક હિંદુ ધર્મ અંગે જાગૃતિ અને રાષ્ટ્રીય ભાવના વધે તેમજ સમાજના રીતરીવાજોમાં એકરૂપતા જળવાય એવા પ્રયત્નો કરવા અને તે માટે સંતો અને વિદ્વાનોના પ્રવચનો આયોજીત કરવા અને જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો હિન્દુ ધર્મ અનુસાર પળાવવા.**

(૪)સમાજમાં મધ્યમ તથા ઓછી આવકવાળા લોકોને આર્થિક મદદ કરવી જેમાં મફત અગર નામમાત્ર રકમ લઈ જીવનોપયોગી વસ્તુઓ પુરવવી અગર તેવી વસ્તુઓ માટે આર્થિક મદદ કરવી.

............૨

(૫)ઉદ્દેશો અને હેતુઃ-

(૫) <u>સામાજીક ન્યાય ઝડપી અપાવવાના પ્રયત્નો કરવા તથા</u> અન્ય કોઈપણ પ્રવૃત્તિ જેનો ઉપર જણાવેલ હેતુઓમાં સમાવેશ થતો ન હોય પરંતુ આમ જનતાના હિતમાં હોય તેવી કોઈપણ પ્રવૃત્તિ કરવી.

(૬)ઉપરના ઉદ્દેશોની પૂર્તિ માટે સમાજને યોગ્ય લાગે તેમ મકાન બંધાવવું,ભાડેથી લેવું અથવા દેવું. દાન તરીકે સ્વિકારવું અથવા આપવું.

(૭)સંસ્થા કોઈપણ રાજકીય પક્ષ અને રાજકીય વિચારોથી અલિપ્ત રહેશે અને ફકત સામાજીક ઉન્નતિ માટેજ સક્રિય પ્રયત્ન કરશે.

(૮)ઉપરના કોઈપણ ઉદ્દેશો ચાલુ રાખવા, બંધ કરવા વગેરેના નિર્ણયો કમિટીના સભ્યો કરશે પરંતુ જનરલ સભાએ મનાઈ કરેલ કાર્યો કમિટી ફરીથી જનરલ સભાની પરવાનગી વગર કરી શકશે નહીં.

(૯)આ સંસ્થા ફકત નફા માટે કોઈ કાર્ય કરશે નહી.

આ ઘટનામાં સુધારા વધારા કરવાનો અધિકાર સર્વ સામાન્ય સભાને રહેશે અને જેને માટે ઓછામાં ઓછી ૩૦ દિવસની ધારેલ સુધારા સહિતની નોટીસ આપવી જરૂરી રહેશે અને દરેક સુધારા વધારા હાજર રહેલા સભ્યોની ૩/૪ બહુમતીથી જ થઈ શકશે અને તે જે દિવસે સુધારા વધારા મંજુર થાય તે તારીખથી અમલમાં આવેલ ગણાશે. <u>સંબંધિત સરકારી મંજુરી લઈ લેવી.</u>

શ્રી પાટીદાર સમાજ [પૂના/પૂણે

પાટીદાર ભવન

૩૬૫/૨૮-૨૯ ,ઘોરપડે પેઠ એકબોટે કોલોની [પૂના/પૂણે : ૪૧૧ ૦૦૨

નિયમાવલી

(૧) નામઃ- આ સંસ્થાનુ નામ " શ્રી પાટીદાર સનાતન સમાજ [પૂના/પૂણે રહેશે.

(૨)ઉદ્દેશોઃ- આ સંસ્થાના ઉદ્દેશો બંધારણમાં જણાવ્યા મુજબ રહેશે.

(૩)હિસાબી વર્ષઃ- સંસ્થાનું હિસાબી વર્ષ [વિક્રમ સંવત વર્ષ] સરકારી કાયદા પ્રમાણે (૧ એપ્રિલ થી ૩૧ માર્ચ) રહેશે.

(૪)બેન્ક ખાતુંઃ- આ સંસ્થા ઠરાવશે તેવી કોઈપણ બેન્કોમાં પોતાનું ખાતું ખોલશે અને તેનો વહિવટ (૧)પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી આ બે માંથી કોઈપણ એક (૨)મંત્રી અને ખજાનચી આ બે માંથી કોઈપણ એક એમ કુલ બે જણાની સંયુકત સહીથી ચલાવશે. કોઈ વિશેષ પ્રસંગ માટે વધારાની સમિતિ નિમવાની જરૂર પડે તો તેવા પ્રસંગો માટેનો સર્વ વ્યવહાર બેન્ક તથા રોકડ સાથે મેનેજીંગ કમિટી ઠરાવે તે બે અગર વધારે વ્યકિતઓ કરશે.

(૫)સભાસદઃ- [પૂના/પૂણે/[જિલ્લામાં/શહેર અને પરાંમાં અને પિંપરી ચિંચવડ વિભાગમાં સ્થાયી થએલ [કોઈપણ/કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની ૧૮ વર્ષ ઉપરની સનાતન વૈદિક ધર્મ પાળતી , લક્ષ્મીનારાયણ સંપ્રદાયને માનતી અને સમાન વિચારધારા ધરાવતી કોઈપણ વ્યક્તિ (જેમાં ફર્મ અગર કંપનીનો સમાવેશ થતો નથી.) જે કાયદાની દ્રષ્ટીએ વ્યવહાર કરવા યોગ્ય હોય તે સમાજના નિયમોને અનુસરી આ સમાજના સભ્ય બની શકશે. પિરાણા સતપંથ ધર્મને માનતી , અનુસરતી અથવા તેના ધર્મસ્થળોએ કોઈ પણ પ્રકારે વિધિ કરાવતી અથવા ભેટ સોગાદ આપતી કોઈ પણ વ્યક્તિ આ સમાજની સભ્ય બની અથવા તો રહી શકશે નહી. અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજના વખતો વખત આવેલા નિતિ નિયમોને પણ સભ્યોએ પાળવાના રહેશે.
સમાજનું સભાસદત્વ આપવાના ધારાધોરણોમાં વખતોવખત સંજોગો પ્રમાણે ફેરફાર કરવાનો અધિકાર સામાન્ય સભાને રહેશે જેની અમલ બજાવણી કાર્યકારી સમિતિ કરશે.

પીરાણા સતપંથ ધર્મ પાળનાર લોકો પુના (પુણે) સમાજમાં મેમ્બર નહિ બની શકે.

સભાસદત્વ ત્રણ પ્રકારના રહેશે

(અ)આશ્રયદાતા (બ) આજીવન અને (ક) સામાન્ય

(અ) આશ્રયદાતાઃ-કોઈપણ વ્યકિત એકી સાથે રૂ. [૧૦૦૦/-] ૧,૧૧,૦૦૦/- અગર તેથી વધારે રકમ આપી આ સમાજના આશ્રયદાતા સભ્ય થઈ શકશે.

(બ) આજીવન સભ્યઃ-કોઈપણ વ્યકિત એકી સાથે રૂ. [૨૫૧/-] ૫,૧૦૦/- અગર વધારે રકમ આપી સમાજના આજીવન સભ્ય બની શકશે.

(ક) સામાન્ય સભ્યઃ-કોઈપણ વ્યકિત એકી સાથે રૂ. [૧૧/-] ૫૦૦/- અગર વધારે રકમ આપી આ સમાજના સામાન્ય સભાસદ થઈ શકશે. સામાન્ય સભાસદત્વ સંસ્થાના હિસાબી વર્ષ સુધી જ ગણાશે અને દરેક હિસાબી વર્ષ પુરૂં થતાં નવા વર્ષ માટે લવાજમ ભરવું જરૂરી રહેશે. આવા સભ્યને મતાધિકાર રહેશે નહી.

............૨

(૬) માનદ સભ્યઃ– સમાજના ઉદ્દેષોની સિદ્ધિમાં યોગદાન આપ્યું હોય,ભાગ લીધો હોય અથવા યોગદાન આપી શકે/ભાગ લઈ શકે તેવી શુભેચ્છક તેમજ વિશિષ્ટ વ્યકિતની કોઈ પણ જાતનો ફાળો લીધા વિના સમાજના માનદ સભ્ય તરીકે નિમણુંક કરી શકાશે. આવા માનદ સભ્યની મુદત બીજી વાર્ષિક સામાન્ય સભા સુધીની રહેશે.

જે સભાસદ સંસ્થાનુ હિસાબી વર્ષ પુરૂં થવાની તારીખથી ત્રણ માસની અંદર લવાજમ ભરેલ ના હોય તો તે સભાસદને સંસ્થાની કોઈપણ મિટીંગમાં મતાધિકાર રહેશે નહી તેમજ કોઈપણ સભાસદનું લાગલગાટ બે વર્ષ સુધીનું લવાજમ વર્ષની અંતિમ તારીખ પછી ૩ મહિનાથી વધારે સમય બાકી રહેશે તેવા સભાસદનું સભાસદત્વ રદ થયેલું ગણાશે. કોઈપણ કારણોસર સભાસદત્વ રદ થયેલ સભાસદને ફરીથી સંસ્થાના સભાસદ થવા માટે નિયમ પ્રમાણે નવી અરજી કરવાની રહેશે..

કોઈપણ પ્રકારના સભાસદત્વ માટે સંસ્થાએ નક્કી કરેલ ફોર્મ ઉપર અરજી કરવી જરૂરી રહેશે અને કાર્યકારી કમિટીએ ઓછામાં ઓછા ૪/૫ બહુમતીએ મંજુર કર્યા બાદ સભાસદ ગણાશે. સભાસદત્વ માટે કમિટીનો નિર્ણય આખરી ગણાશે. સભાસદત્વ નામંજુર થયેલ વ્યકિતને આ બાબતે કોઈપણ જાતનો દાવો કરવાનો હક્ક રહેશે નહી.

દરેક પ્રકારના સભાસદત્વ સભ્યના જીવન પર્યન્તજ મર્યાદિત છે અને સભ્યના મૃત્યુ સાથે આપોઆપ જ રદ થયેલ ગણાશે. સભ્યના મૃત્યુ પછી જો તેના પરિવારમાં કોઈ આજીવન સભ્ય રહેતો ન હોય તો તેના પરિવારમાંથી સર્વ સંમતીથી એક સભ્ય અથવા જયેષ્ઠ વારસદારને યોગ્ય ફી લઈને આજીવન સભ્ય કરી શકાશે.

નોંધઃ– આશ્રયદાતા,આજીવન અને સામાન્ય સભાસદત્વ ફી માં વખતોવખત ફેરફાર સર્વ સાધારણ સભા / વિશેષ સાધારણ સભાની મંજુરીથી કરી શકાશે.

(૧) પ્રત્યેક સભાસદ સંસ્થાના નિયમોને આધિન રહી સર્વ પ્રકારના સમાન અધિકાર ભોગવશે અને મતદાન વખતે જાતે હાજર રહી પોતાનો એકજ મત આપી શકશે. સભાસદ સમાજના ઉદ્દેશો પાર પાડવા માટે જરૂરી સહાયતા કરવી એ પોતાની ફરજ સમજશે.

(૨) સભાસદ/ સમાજ અને સભાસદ વચ્ચે કોઈપણ પ્રકારનો સામાજીક પ્રશ્ન ઉભો થાય તો તે પ્રશ્ન નિરાકરણ માટે સમાજ સમક્ષ રજુ કરવાનો રહેશે. કોર્ટનો આશરો લેવો નહીં.

(૩) સંસ્થાના નિતિ નિયમોનું પાલન ન કરનાર કે સંસ્થાના ઉદ્દેશો વિરૂદ્ધ કાર્ય કરનાર કે સંસ્થાના ધાર્મિક આચરણ વિરૂદ્ધ કાર્ય કરનાર કે ગંભીર પ્રકારની ગેરવર્તણુંક કરનાર સભાસદનું સભાસદત્વ સર્વસાધારણ / વિશેષ સર્વ સાધારણ સભામાં હાજર રહેલા સભાસદોની ૩/૪ બહુમતીથી રદ થઈ શકશે. આ નિર્ણય અંતિમ રહેશે.
ભાવિષ્યમાં વ્યકિતનું વર્તન સુધરે અને તે નવેસરથી સભાસદત્વ માટે અરજી કરે તો સર્વસાધારણ / વિશેષ સર્વ સાધારણ સભામાં હાજર રહેલા સભાસદોની ૩/૪ બહુમતીથી સભાસદત્વ આપી શકાશે.

............૩